## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



હવે, અટલજીનાં ગયા પછી સાચૂ બોલવાવાળા નેતાનો યુગ પૂરો થયો... જોરથી બોલવાવાળાનો યુગ તો ચાલુ જ છે...

## પ્રેસ સર્કલ નજીક છાપરા પાસેથી જુગાર રમતા ૧૦ શકુનિઓ ઝડપાયા

### ૧૭ હજારના રોકડ મુદ્દામાલ સાથે દશેયની ધરપકડ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર એલસીબીને બાતમી મળી હતી કે પ્રેસ સર્કલ સેક્ટર ૨૮ પાસે એક છાપરા નજીક કેટલાક શખ્સો ટોળું વળીને જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમે દરોડો પાડી ઈલેક્ટ્રીક પોલ ના અજવાળે ખુલ્લેઆમ જુગાર રમી રહેલા ૧૦ શકુનીઓને રોકડ રૂ.૧૭ હજારના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. તમામ જુગારીઓની ધરપકડ કરી એલસીબીની ટીમે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઇ તરલ ભટ્ટની સૂચનાથી તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે તમને ચોક્કસ બાતમી મળી હતી કે સેક્ટર ૨૮ ખાતે પ્રેસ સર્કલ નજીક એક છાપરા ની પાસે લાઇટના અજવાળે જુગાર રમાઇ રહ્યો છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમે દરોડો પાડતા જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. એલસીબીની ટીમે કોર્ડન કરીને દશે આરોપીઓને પકડી પાડયા હતા. આદીવાડા ગામમાં રહેતા ગોપાલ જેલસિંગ રાજપુત, સેક્ટર ૨૮ છાપરા પાસે રહેતા શંકર રણછોડ ગોહિલ, રમેશ મહેરામ સોલંકી, અર્જન ઉર્ફે ટીના જેઠા દંતાણી, લાલજી મનજી સોલંકી, રાજુ મફા દંતાણી, મફા લાલજી રાવળ, વિજય ચમન દંતાણી, મનુ ઉર્ફે મનોજ ભીખા દંતાણી અને નગીન કાંતિ દંતાણી મળીને ૧૦ શકુનીઓને જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડી તેમની પાસેથી રોકડ રૂપિયા ૧૭ હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સ્વ. અટલ બિહારી વાજપેયીને વિશ્વ હિંદુ પરિષદની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૧૮

વિશ્વ હિંદુ પરિષદ દ્વારા પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી છે. વીએચપીની અખબારી યાદીમાં જણાવાયું છે કે મહાન રાજનેતા, પ્રબુદ્ધ વક્તા, સિદ્ધ કવિ, ભારત રત્ન શ્રદ્ધેય અટલ બિહારી વાજપેયીજી આપણા વચ્ચે નથી રહ્યા. આવી વિરલ વિભૂતિના અવસાનથી સમગ્ર દેશ આજે ઊંડા દુઃખમાં ગરકાવ થઈ ગયો છે. ભારતીય રાજનીતિમાં તેમનો દીર્ઘદષ્ટિકોણ, સંસદ અને જાહેરસભાઓમાં તેમના અદ્‌ભૂત વક્તવ્યો, ભારતીય જનતા પાર્ટી અને વિવિધ ક્ષેત્રના કાર્યકર્તાઓ સાથે તેમનો આત્મિય સંબંધ અને દેશના પ્રધાનમંત્રી તરીકે કરેલા ઉત્તમ કાર્યો તેમને સદાય માટે જનમાનસમાં જીવંત રાખશે. આજે તેમનો નશ્વરદેહ તો પંચમહાભૂતમાં વિલીન થઈ જશે પણ એક આદર્શ રાજપુરૂષ તરીકે તેમનો વિશાળ વિચારદેહ હંમેશા ભારતીય રાજનીતિનું માર્ગદર્શન કરતો રહેશે.

આ મહાન રાષ્ટ્ર પુરૂષને વિશ્વ હિન્દુ પરિષદ, ગુજરાતની ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ.

## 'સહકાર સેતુ'માં ગાંધીનગર અર્બન બેંકને સન્માનવામાં આવી

ગુજરાત અર્બન બેંક્સ ફેડરેશન દ્વારા તાજેતરમાં આયોજિત 'સહકાર સેતુ-નેશનલ અમ્બ્રેલા સમિટ-૨૦૧૮' કાર્યક્રમમાં ગુજરાતની સહકારી બેંકોમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર બેંકોને સન્માનવામાં આવી હતી. આ બેંકોમાં ગાંધીનગર અર્બન કો.ઓપ. બેંકનો પણ સમાવેશ થાય છે. ગાંધીનગર અર્બન કો.ઓપ. બેન્કને ઓછામાં ઓછા એનપીએ તથા કર્મચારીઓની સંખ્યાના પ્રમાણમાં વધુ બીઝનેસ કરવા બદલ સન્માનવામાં આવી હતી જે અંગે બેંકના ડિરેક્ટર્સ તથા કર્મચારીઓએ આનંદની લાગણી વ્યક્ત કરી છે. આ સાથે અર્બન બેન્કના ચેરમેન કાલીદાસ પટેલે આ એવોર્ડ માટે બેંકના સભાસદો, ગ્રાહકો, થાપણદારો વગેરેનો સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો છે.

## દબાણ હટાવવાની કામગીરીમાં ભેદભાવના દાખલા કોંગી સભ્યો ચાવડા-ઠાકોરે આંગળીના વેઢે ગણાવ્યા

### વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થામાં પણ તંત્ર ઊણુ ઉતર્યુ હોવાનુ પણ ચાવડાએ જણાવ્યુ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં દબાણ હટાવવાના મુદ્દે ભેદભાવ રખાતો હોવાના દાખલા કોંગી ધારાસભ્યો બળદેવજી ઠાકોર અને ડૉ. સી.જે. ચાવડાએ આંગળીના વેઢે ગણાવતાં જિલ્લાતંત્રમાં સન્નાટો ઉભો થઈ ગયો ગતો.

આજે જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠકમાં આ મુદ્દે ખુબજ વિગતે ચર્ચાઓ થવા પામી હતી. ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ તો ત્યાં સુધી રજુઆત કરી કે દબાણ હટાવવાનો રોડમેપ તંત્રએ તૈયાર કર્યો જ નથી. પહેલાં મુખ્ય રોડ પરના દબાણો જે છે તે હટાવો, પછી જેમને ગેરકાયદે દબાણો ઉભા કર્યા છે તે હટાવો અને પછી લારી-ગલ્લા હટાવો આ પછી ઝુંપડપટ્ટીના દબાણો હટાવો.

દબાણો હટાવવાના કાર્યક્રમમાં સૌ તંત્રની સાથે છે પણ માત્ર ગરીબોને હેરાન કરવામાં જ તંત્રને મજા આવતી હોય એવુ લાગે છે. તેમણે સર્કલોની મધ્યમાં ચાલતા દબાણો તંત્રને દેખાતા જ નથી. અમે એટલે જ આ રજુઆત કરી રહ્યા છીએ. 'ચ'રોડ, 'ઘ' રોડના દબાણો દૂર કરો પછી મોટા સેક્ટરોમાં મિલ્કતધારકો દ્વારા થયેલા દબાણો હટાવો.

ધારાસભ્ય બળદેવજી ઠાકોરે પણ જમિયતપુરાથી મહેસાણા સીક્સલેન બનાવવાની વાત સારી છે પણ જમિયતપુરાના દબાણો હટાવી લીધા છત્રાલના દબાણો પર તંત્ર ત્રાટકે તે આશ્ચર્ય જન્માવે તેવી વાત છે. કલોલ શહેરના દબાણો ક્યારે હટશે, તેમણે કહ્યુ કે ૨૦૦૮માં મને જ સંકલન સમિતિમાં વિગતો અપાઈ હતી કે સિંધબાદ હોટલથી બળિયાદેવના મંદિર સુધીના માર્ગમાં ૧૩૨ દબાણો છે. આ ક્યારે તોડાશે ? કોણ અટકાવી રહ્યુ છે ?

દબાણ હટાવવા જતી ટુકડીઓ રવાના થાય તે પૂર્વે સ્થાનિક ધારાસભ્યને પણ વિશ્વાસમાં લેવાનો રિવાજ નિભાવાય તો સારૂ. તેમણે કહ્યુ કે દબાણ હટાવવામાં સૌ તમારી સાથે છે પણ મોટાને ગોળ અને ગરીબને ખોળ એવુ ના કરશો. બધાની સામે એક જ પગલાં લેવા જોઈએ.

આજની ફરિયાદ અને સંકલન સમિતિની બેઠકમાં કોંગી સભ્યો આક્રમક મૂડમાં દેખાયા હતા. આ સભ્યોએ વરસાદી પાણીના નિકાલ માટે પણ યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં તંત્ર નિષ્ફળ પુરવાર થયાનો આરોપ લગાવ્યો હતો. શહેરી વિસ્તારના મુખ્ય માર્ગો પર પાણી ભરાઈ રહે છે. નવા રિનોવેટ કરાયેલા રંગમંચો પણ પાણીના નિકાલની વ્યવસ્થાનો અભાવ હોવાનું જણાવ્યુ હતુ. ગાંધીનગર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ભરાયેલા પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેવી પણ રજુઆત આ સભ્યોએ કરી હતી.

## વાતવાતમાં

● ગાંધીનગર જિલ્લા ફરિયાદ સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકના પ્રારંભે જ જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાએ શહેરમાં સારા વરસાદના શાબ્દિક વધામણાં કર્યા હતા અને હજુ વધુ સારો વરસાદ વરસે તેવી પ્રભુને પ્રાર્થના વ્યક્ત કરી હતી.

● સેક્ટર-ઉના શોપીંગ સેન્ટર પાસે થોડા સમય પૂર્વે થયેલ ખોદકામ સ્થળે વરસાદના કારણે જમીન બેસી જતા એક કાર ફસાઈ જવા પામી હતી. આશરે અડધા કલાકની જહેમત પછી માંડ કારને બહાર કાઢવામાં સફળતા મળી હતી.

● ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જયેશભાઈ પંડ્યાના પિતા ગિરિજાશંકર પંડ્યાનું દુઃખદ અવસાન થવા પામ્યું છે. સદ્‌ગતના આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

## અંબાપુરની પૌરાણિક વાવની સફાઈ એલડીઆરપીના યુવાનોએ કરી

### વાવમાંથી ૧૫૦ કિલો પ્લાસ્ટીકનો કચરો બહાર નિકાળ્યો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર અમદાવાદ માર્ગ પર આવેલ અંબાપુર ગામે આવેલી પૌરાણિક વાવની સાફ સફાઈ હાથ ધરવામાં આવી હતી. એલડીઆરપીના આઈટીઆરના વિદ્યાર્થીઓએ વાવમાંથી ૧૫૦ કિલો પ્લાસ્ટીકનો કચરો બહાર નીકાળ્યો હતો અને પ્લાસ્ટીક મુકત ઝુંબેશ અંતર્ગત કાપડની થેલીનું વિતરણ ગ્રામજનોમાં કરવામાં આવ્યું હતું.

સ્વચ્છ ભારત સમર ઈન્ટર્નશીપ નામની યોજનામાં એલડીઆરપી આઈટીઆરના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અને ગાંધીનગર સ્થિત અંબાપુર ગામમાં આ યોજના હેઠળ કાર્ય કર્યું હતું. જેને અનુલક્ષી એલડીઆરપી ટીમ દ્વારા અંબાપુરની પૌરાણિક વાવની સફાઈ હાથ ધરવામાં આવી હતી અને વાવમાં વર્ષોથી પડી રહેલો કુલ ૧૫૦ કિલો પ્લાસ્ટીકનો કચરો બહાર નીકાળી વાવની સફાઈ કરાઈ હતી. તે ઉપરાંત અંબાપુર ગામના ઉકરડા અને તળાવમાંથી જેસીબી દ્વારા ૨૫ ટ્રેક્ટર પ્લાસ્ટીકનો કચરો કાઢીને ડમ્પીંગ સાઈટમાં લઈ જવાયો હતો.જયારે સમગ્ર અંબાપુર ગામમાં પ્લાસ્ટીક મુકત ઝુંબેશ હેઠળ સરપંચના સહયોગથી કાપડની થેલીઓનું વિતરણ કર્યું હતું. ગામમાં એનએસએસના સ્વયંસેવકોએ સ્વચ્છ રાખો ભારત દેશ ના નારા સાથે રેલી, શેરી, નાટક, ગામના બાળકો સાથે શાળામાં કાર્યક્રમતેમજ ગામના ગ્રામજનો સાથે મળીને શેરી-મહોલ્લાની સફાઈનું કામ હાથ ધરી જન જાગૃતિ લાવવાનું કાર્ય કર્યું હતું. આ ઉપરાંત રીસાયકલ ગ્રીનના સહયોગથી વિદ્યાર્થીઓએ અંબાપુરની મહિલાઓને કાગળની પસ્તીમાંથી શોંપીગ બેગ કઈ રીતે બનાવવી તે સમજાવી એક ગૃહ ઉદ્યોગની શરુઆત કરવામાં આવી અને ગામની બહેનોને રોજગારીની તક પુરી પાડી હતી. આ કાર્યક્રમમાં દીપ ભુવા, પ્રણવ દેસાઈ, રજત જોશી, વાલા ધર્મેશ, મિત પટેલ, ચિન્મય શાહ, સન્ની ધનવાની, સત્યમ ડોબરીયા, નરેન્દ્ર પ્રજાપતિ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.





## ચિલોડા પ્રાથમિક શાળાના પ્રવેશદ્વારનું લોકાર્પણ

ચિલોડા, તા. ૧૮

ગાંધીનગર તાલુકાની ચિલોડા સ્થિત પ્રાથમિક શાળા ખાતે ૭૨માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ખૂબ ઉલ્લાસભેર કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના બાળકોએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો યોજ્યા હતા. આ પ્રસંગે શાળાનો મુખ્ય પ્રવેશદ્વાર સ્વ. જગદીશભાઈ બાબુભાઈ પટેલના સ્મરણાર્થે રૂ. ૧,૫૧,૦૦૦ના ખર્ચે બનાવેલ પ્રવેશદ્વારના દાતા અ.સૌ. આશાબેન પટેલ તથા સુપુત્ર જૈમિન પટેલના હસ્તે લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સ્વ. જગદીશભાઈ પટેલના સપરિવાર સહિત ગામના વડીલ એ.પી.એમ.સી.ના ઉપપ્રમુખ કેશવલાલ પટેલ, મંડળીના ચેરમેન જૈમિન પટેલ, મંત્રી જયંતિભાઈ પટેલ, શાળા વ્યવસ્થાપન કમિટીના અધ્યક્ષ તખતસિંહ ઠાકોર તથા સભ્યો શિક્ષણવિદ નટુભાઈ પટેલ, શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલ, શાળા પરિવાર વગેરેની ઉપસ્થિતિમાં રીબીન કાપી પ્રવેશદ્વારનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે પ્રવેશદ્વારના દાતાઓનું શાળા પરિવાર તરફથી પુષ્પગુચ્છ, મોમેન્ટો તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

## મધ્યાહન ભોજનના કર્મચારીઓ ધરણા યોજી આંદોલનના શ્રીગણેશ કરશે

ગાંધીનગર, તા.૧૮

રાજયભરમાં છેલ્લા ત્રણ દાયકાથી વધુના સમયથી મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. સામાન્ય વેતનથી કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે ત્યારે યોજનામાં કામ કરતા કર્મચારીઓના પડતર પ્રશ્નોનો હજુ સુધી ઉકેલ આવ્યો નથી. જેને પગલે મધ્યાહન ભોજન યોજનાના કર્માચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. દરમાસે અંદાજે વિવિધ સ્થળોએ ૨૫૦ જેટલા ભોજન યોજનાના કર્મચારી દ્વારા આવેદન પત્ર આપવામાં આવેલા છે. કર્મચારીઓના પ્રશ્નોનો ઉકેલ ન આવતા આગામી તા. ૨૦ ઓગસ્ટના રોજ ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે બપોરે ૧ થી ૪ કલાક સુધી ધરણા યોજી આંદોલનના શ્રી ગણેશ કરશે.

છેલ્લા ૩૪ વર્ષથી મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓને સામાન્ય વેતન આપવામાં આવે છે. જેમાં સંચાલકને રૂ.૧૬૦૦, રસોયાને રૂ.૧૪૦૦, અને મદદનીશને રૂ. ૧૨૦૦ આપવામાં આવે છે. હાલની કારમી મોંઘવારીમાં આ સામાન્ય વેતનમાં કામ કરવુ અસહ્ય બની રહ્યું છે. સમાન કામ સમાન વેતન મુજબ લઘુતમ વેતન આપવું. વેતનમાં તો વધારો કર્યો નથી ત્યાં મેનુંમાં બે ભાગ કરી પ્રથમ ભોજન અને નાસ્તો આપવાનો ઠરાવ કર્યો છે. ૧૦૦ વિદ્યાર્થીઓ ભોજન ભાગમાં લે તો ૧૦ કિ.ગ્રા. ઘઉંના લોટમાં માત્ર ૫૦૦ગ્રામ તેલમાંથી ૫ કિલોની સુકી ભાજી તૈયાર કરવાની જોગવાઈ છે, ત્યારે આટલી વસ્તુમાં આટલા વિદ્યાર્થીઓ માટે વસ્તુ બનાવી અશક્ય વાત છે. તે ઉપરાંત ૩૦૦ થેપલા બનાવવા માટે સમય પણ ખુટે છે. જયારે નવા મેનું ભોજન અને નાસ્તાનો ટાઈમ પણ નિયત કરાયો નથી. મંડળની માંગણી છે કે નાસ્તા માટે અલગ પેશગી આપવામાં આવે. યોજનાના કર્મચારીઓએ આવેદન પત્ર તાલુકા, જિલ્લા કક્ષાએ તેમજ મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી તેમજ કમિશનર મધ્યાહન ભોજન યોજનાને આપવામાં આવ્યું છે. તેમ છતા કોઈ નિવેડો ન આવતા કર્મચારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે.ત્યારે ઓલ ગુજરાત મધ્યાહન ભોજન યોજનાના કર્મચારી મંડળના પ્રમુખ આગામી તા. ૨૦ ઓગસ્ટને સોમવારના રોજથી સત્યાગ્રહ છાવણી ખાતે બપોરે ૧ થી ૪ કલાક ધરણા યોજી કલેકટરને આવેદન પત્ર આપી આંદોલનના શ્રી ગણેશ કરશે.




ભારતના ૭૨માં સ્વતંત્રતા દિવસની શાનદાર ઉજવણી કડી કેમ્પસ સ્થિત શેઠ સી.એમ. હાઈસ્કૂલ, એમ.બી. પટેલ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ તથા જે.બી. પટેલ પ્રાથમિક શાળાના સંયુક્ત યજમાન પદે કરવામાં આવી હતી. આ પ્રસંગે શેઠ સી.એમ. હાઈસ્કૂલના આચાર્યા ડૉ. ચેતના બુચે અને મુખ્ય મહેમાન કે.બી. ફાર્મા ઈન્સ્ટિટ્યુટના ડાયરેક્ટર ડૉ. શ્રીકલ્પ દેશપાંડેએ પ્રેરક ઉદ્‌બોધન કર્યા હતા. આ પ્રસંગે એમ.બી. પટેલ સ્કૂલના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન અને જે.બી. પટેલ પ્રા. શાળાના આચાર્યા નીવાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## સિદ્ધપુરના બેચરસ્વામી ગુરૂગાદીને ૩ કરોડની સહાયની જાહેરાતથી સેનવા-રાવત સમાજમાં ખુશીની લહેર

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા તા. ૧૫મી ઓગષ્ટે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી દરમ્યાન દલિત સમાજના બે સ્થાનો માટે સ્થાન દીઠ રૂ. ૩ કરોડની સહાયની જાહેરાત કરવામાં આવી હતી. જેને દલિત સમાજ તરફથી વધાવી લેવામાં આવી છે. આ બે સ્થાનમાં સિદ્ધપુર ખાતેના સમગ્ર ગુજરાતના સેનમા રાવત સમાજની બેચરસ્વામી ગુરૂગાદી રાવત-રામજી મંદિરનો સમાવેશ થાય છે. જેને દસાડાના પૂર્વ ધારાસભ્ય અને ગુજરાત સેનવા-રાવત સમાજના પ્રમુખ પુનમભાઈ કે. મકવાણા દ્વારા વધાવી આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.



સમગ્ર ગુજરાતના સેનવા-રાવત સમાજની શ્રદ્ધા અને આસ્થાના કેન્દ્ર સમા ગુરૂગાદી રાવત-રામજી મંદિર ઐતિહાસિક સ્થળ હોવા છતાં વિકાસ નહિવત હતો. વર્ષ-૨૦૦૭માં તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આ સ્થળના વિકાસ માટે રૂ. ૬૪ લાખની સહાય આપવામાં આવી હતી. આ જગ્યાના વધુ વિકાસ માટે હવે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રૂ. ૩ કરોડની માતબર રકમ ફાળવતા આ સ્થળના વિકાસના દરવાજા ખોલી નાંખ્યા છે જેના પગલે સમગ્ર સેનવા-રાવત સમાજમાં આનંદની લહેર પ્રસરવા પામી છે. પૂર્વ ધારાસભ્ય, પૂર્વ સંસદીય સચિવ તથા સેનવા-રાવત સમાજના પ્રમુખ પુનમભાઈ મકવાણાએ જણાવ્યુ છે કે અત્યાર સુધીમાં આઝાદીના ૭૨ વર્ષના ઈતિહાસમાં અતિ પછાત અંત્યોદય એવા સેનવા-રાવત સમાજને સૌ પ્રથમવાર આટલી મોટી સહાય મંજૂર થવા પામી છે. આ સહાય આપીને મુખ્યમંત્રીએ આ સરકાર ગરીબોની સરકાર હોવાની પ્રતિતિ કરાવી છે તેમજ છેવાડાના માનવીની સરકાર ચિંતા કરે છે તેનું ઉદાહરણ પુરૂ પાડ્યું છે. આ પ્રસંગે સમગ્ર ગુજરાતનો સેનમા સમાજ ભારતીય જનતા પાર્ટી તથા મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, ભાજપ પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા તથા પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલનો આભારી છે તેવુ જણાવ્યું છે.

## મંજૂરી નહીં મળતાં હાર્દિકના એક દિવસના પ્રતિક ઉપવાસ

હાર્દિક પટેલે નિકોલમાં આગામી તા. ૨૫ ઓગસ્ટના આમરણાંત ઉપવાસ માટે સરકારી તંત્ર દ્વારા જગ્યાની મંજૂરી નહી અપાતા પાર્ક કરેલી ગાડીમાં બેસીને એક દિવસના ઉપવાસ કરવાની નવી જાહેરાત કરી છે, જેને પગલે શહેર પોલીસ તંત્ર અને વહીવટી તંત્રને પણ એલર્ટ કરી દેવાયું છે. હાર્દિક પટેલ તરફથી આવતીકાલના નિકોલ ખાતે ગાડીમાં જ બેસીને એક દિવસના પ્રતિક ઉપવાસની પોલીસ પાસેથી પણ મંજૂરી મંગાઈ નહી હોઈ તેને આમ કરવાથી રોકવાની ઉચ્ચ અધિકારીઓને તંત્ર દ્વારા સૂચના અપાઈ ગઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. પાસના કન્વીનર અને પાટીદાર યુવા નેતા હાર્દિક પટેલ અને તેના ૫૦૧ જેટલા સમર્થકો-કાર્યકરો દ્વારા આવતીકાલે નિકોલ ખાતે જ ગાડીમાં બેસીને જ એક દિવસના પ્રતિક ઉપવાસની જાહેરાત કરવામાં આવતાં હાર્દિકના તા. ૨૫મી ઓગસ્ટના ઉપવાસ આંદોલન પહેલાં ફરી એકવાર રાજકીય ગરમાવો આવી ગયો છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ